
ગૉલ્ફ સુવિધાઓ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

બહાર તથા સંબંધિત સુવિધાઓમાં કરવામાં આવતી ગૉલ્ફની પ્રવૃત્તિઓ માટે આ તબક્કા 3ના ધોરણો જારી કરવામાં આવે છે (દા.ત., પ્રો શૉપ, ક્લબહાઉસ). ઇન્ડોર ગૉલ્ફની પ્રવૃત્તિઓ, જેમ કે ઇન્ડોર ડ્રાઇવિંગ રેન્જ ઇન્ડોર રિક્રિએશનના નિર્દેશોનું પાલન કરે તે જરૂરી છે, જે રિઓપનિંગ પ્લાનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




### સામાજીક અંતર

પ્રત્યેક વ્યાપાર ગ્રાહકના પ્રવેશ અને ઍક્ઝિટ પર નજર રાખે તથા નીચેનામાંથી જે વધારે હોય તે પ્રમાણે ઈમારતમાં તમામ સમયે હાજર વ્યક્તિઓની સંખ્યા મર્યાદિત રાખે તે અનિવાર્ય બનશે:

- મ્યુનિસિપલ બિલ્ડિંગ વિભાગ અથવા અન્ય મ્યુનિસિપલ રેકૉર્ડ હોલ્ડર સાથે રેકૉર્ડ પર હોય એવી કબ્જાની પરમિટમાં જણાવ્યા પ્રમાણે જે તે જગ્યામાં મહત્તમ માણસો રહી શકે તે અંગે ઈમારતની ક્ષમતાના 50% જેટલા લોકો જ હાજર રહી શકશે
- જેના માટે હાજર વ્યક્તિઓની મર્યાદા અંગેની કોઇ મંજૂરી રેકૉર્ડ પર ન હોય એવી ઈમારતો ઍક્સેસિબલ સ્પેસના 1,000 ચોરસ ફીટ દીઠ 10 વ્યક્તિઓ (સ્ટાફ સહિત)ને મંજૂરી આપી શકશે
- કોઈ પણ સ્થિતિમાં સુવિધાની અંદરની બંધ જગ્યામાં 1,000 ચોરસ ફીટ દીઠ 10થી વધુ વ્યક્તિઓ હાજર રહી શકશે નહિ
- તમામ હાજર વ્યક્તિઓ અને ગણતરીઓમાં મુલાકાતીઓ, સ્ટાફ અને અન્ય કામદારોનો સમાવેશ થશે

વ્યક્તિઓની વચ્ચે 6 ફૂટ કે વધુનું અંતર રહે તેની ખાતરી કરો:

- કામદાર માટેની સામાન્ય જગ્યાઓ અને જ્યાં કામદારો અને ગ્રાહકો ભેગા થવાની સંભાવના હોય એવા ગીચ વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની રચના કરો (દા.ત., કામદારો માટે બ્રેક રૂમ અને ભોજનનાં ક્ષેત્રો; ગ્રાહકો માટે લૉબી અને પ્રતીક્ષાના વિસ્તારો) જેથી સામાજિક અંતર જાળવી શકાય
- જે વર્કસ્ટેશનો વચ્ચે જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઇએ (પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઇએ)
- જ્યાં શક્ય હોય ત્યાં પ્રો શૉપ કાઉન્ટર, ચેકઆઉટ સ્ટેશનો વગેરે માટે શારીરિક આડશો બેસાડો
- મુલાકાતીઓને 6 ફૂટ દૂર રહેવાનો આગ્રહ કરવા માટે દેખાય એવા સોશિયલ ડિસ્ટન્સિંગનાં માર્કર બેસાડો (દા.ત., લાગુ પડતું હોય તો સ્ટોર્સની બહાર લાઇનો, ચૂકવણી કરવા માટે લાઇનો, રેસ્ટરૂમનો ઉપયોગ કરવા માટે લાઇનો)
- 6 ફૂટનું અંતર સૂચવવા માટે રૂમો અને હૉલવે પર નિશાન કરો

કામદારો માટે છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રહે તેની ખાતરી કરો

સંપર્ક ઓછો કરવા માટે ફૂટ ટ્રાફિક માટે મુલાકાતીઓનો પ્રવાહ નિયંત્રિત કરવા માટે દિશાસૂચક ગલિયારા તૈયાર કરો (દા.ત. વન-વે પ્રવેશદ્વાર અને ઍક્ઝિટ, વન-વે ગલિયારા). આ નીતિઓ વિશે સ્પષ્ટ રીતે દેખાય એવાં પાટિયાં મૂકો

જ્યાં વ્યક્તિ રોગ અથવા વિકલાંગતાના કારણે ફેસ કવરિંગ પહેરી શકે તેમ ન હોય તે સિવાય બધા ગ્રાહકો અને કામદારો માટે ફેસ કવરિંગ આવશ્યક કરવું

ગૉલ્ફરો ફેસ કવરિંગ દૂર કરી શકે છે, જ્યાં તેઓ ખેલાડીઓ અને હાજર વ્યક્તિઓથી સરળતાથી, સતત અને માપી શકાય તે રીતે ઓછામાં ઓછા 6 ફૂટનું અંતર જાળવી શકે તેમ હોય. ખેલાડીઓને સૂચના આપો કે તેઓ જ્યારે અન્ય લોકોથી 6 ફૂટનું અંતર રાખી શકે તેમ ન હોય ત્યારે ફેસ કવરિંગ પહેરે તે જરૂરી છે

ગૉલ્ફરોને ચાલવા કે પુશ કાર્ટનો ઉપયોગ કરવા માટે આગ્રહ કરો, પરંતુ પ્રત્યેક ગૉલ્ફ કાર્ટ જો સિંગલ રાઇડર દ્વારા અથવા એક જ ઘરમાં રહેતા ગૉલ્ફરોના સમૂહ દ્વારા ઉપયોગમાં લેવામાં આવી હોય કે ધરાવતી હોય તો જ ગૉલ્ફ કાર્ટના ઉપયોગની અનુમતિ આપો. પ્રત્યેક ઉપયોગ બાદ ગૉલ્ફ કાર્ટને સાફ કરવાની અને સૅનિટાઇઝ કરવાની રહેશે

ટુર્નામેન્ટ અને અન્ય પ્રસંગો (જેમ કે "શૉટગન સ્ટાઇલ" ઇવન્ટ્સ) ટુર્નામેન્ટ્સ માટે EEAના નિર્દેશોનું પાલન કરે તે અનિવાર્ય છે, જે EEA રિઓપનિંગ સાઇટ પર ઉપલબ્ધ છે

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યારે પણ શક્ય હોય ત્યારે સંપર્કરહિત ચૂકવણીની પદ્ધતિઓના ઉપયોગ માટે આગ્રહ કરો



### આરોગ્ય પ્રોટોકોલ્સ

સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે અને કામદારો હાથ વારંવાર ધોઇ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઇ શકે

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

કામદારો અને ગ્રાહકોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકો

ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથેના આલ્કોહૉલયુક્ત હેન્ડ સૅનિટાઇઝર્સ પ્રવેશદ્વારો, ઍક્ઝિટ અને ક્લબહાઉસના સમગ્ર ફ્લોર વિસ્તારોમાં અથવા કામદારો અને ગ્રાહકો માટે અન્ય ઇન્ડોર જગ્યાઓમાં ઉપલબ્ધ કરાવવાં જોઈએ

કામદારોની વચ્ચે ઉપકરણો અને પુરવઠો શેઅર કરવાનું ટાળો

અન્ય કર્મચારી દ્વારા ઉપયોગ પૂર્વે સહિયારા ઉપકરણને ડિસઇન્ફેક્ટ કરો

એક વખતના ઉપયોગ માટેનાં સ્કોરકાર્ડ્સ અને પૅન્સિલનો ઉપયોગ કરો

ગૉલ્ફરોને જાણ કરો કે ફ્લૅગ સ્ટિક્સ કાણામાં રહેવી જોઈએ. હોલ લાઇનર્સ ઊંચા કરવાના રહેશે અથવા અન્યથા તેમાં એવો ફેરફાર કરવાનો રહેશે, જેથી ખેલાડીઓ બૉલ મેળવવા માટે કાણાની અંદર હાથ નાખે નહિ


કેડીઝ અને બૅગ હૅન્ડલર્સ માન્ય છે, શરત એ કે સામાજિક અંતર જાળવવામાં આવે, કપડાં સાથે ફેસ કવરિંગ અને મોજાં પહેરવામાં આવે અને હેન્ડ સૅનિટાઇઝરનો ઉપયોગ કરવામાં આવે. કેડીઝ અને બૅગ હૅન્ડલર્સને પ્રત્યેક ઉપયોગ બાદ ક્લબ અને અન્ય ઉપકરણ સાફ કરવા માટે પ્રોત્સાહન આપો

તમામ સહિયારાં અને ભાડા પરનાં ઉપકરણો, જેમ કે ક્લબોને પ્રત્યેક ઉપયોગ બાદ સાફ અને ડિસઇન્ફેક્ટ કરવાનાં રહેશે

ગૉલ્ફ સુવિધાઓ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો



### સ્ટાફ અને કામગીરીઓ

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- બિમાર હો તો કામ પર ન આવવાનું મહત્ત્વ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

સુવિધાકેન્દ્રોએ નીચેની બાબતો સુનિશ્ચિત કરીને પ્રત્યેક શિફ્ટ પર કામદારોનું સ્ક્રીનિંગ કરવું જોઈએ:

- કામદાર તાવ (100.0 અને તેથી વધુ) અથવા ટાઢ, ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ/શરીરનો દુખાવો, નાક દદડવું/નાક જામ થવું, સ્વાદ કે ગંધની ક્ષમતા નવેસરથી જવી અથવા ઊબકા, ઊલટી કે ઝાડા જેવાં કોઈ લક્ષણો અનુભવતા ન હોય
- કામદાર COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા ન હોય. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને 15 મિનિટ કે વધુ સમય થયો હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શેઅર કરવાં, તેમના પર કોઈએ ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું
- પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વૉરન્ટીન થવા માટે કામદારને કહેવામાં આવ્યું ન હોય
- ઉપરના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જતા કામદારોને ઘરે મોકલવાના રહેશે

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમો)

જરૂરી હોય તો કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને ગ્રાહકોની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)

કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ ઘરે રહે તે જરૂરી છે

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વૉરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાના ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

હાલમાં કામના કલાકો સિવાય સૅનિટેશન અને સફાઈ શક્ય બનાવવા માટે સુવિધાકેન્દ્રોએ કામકાજના કલાકો જાળવવા જોઈએ

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ

હરિયાળી અને પ્રૅક્ટિસની અન્ય સુવિધાઓ મૂકવા સાથે ડ્રાઇવિંગ રેન્જનો ઉપયોગ થાય તેમાં સામાજિક અંતરના પ્રોટોકૉલ્સનું પાલન થવું જરૂરી છે અને તેમાં ફેસ કવરિંગના ઉપયોગને જરૂરી બનાવવાનો રહેશે

ડ્રાઇવિંગ રેન્જના હિટિંગના વિસ્તારોમાં ફેરફાર કરવો, જેથી ખેલાડીઓ વચ્ચે ઓછામાં ઓછા 6 ફૂટના અંતરની ખાતરી કરી શકાય

ગ્રાહકો અગાઉથી ટી ટાઇમ આરક્ષિત કરાવે તે જરૂરી બનાવો

સામાજિક અંતર શક્ય બનાવવા માટે ગ્રૂપ ટી ટાઇમ્સની વચ્ચે પૂરતો અવકાશ રહે તેની ખાતરી કરો

પાણીના ફુવારાઓ / કૂલર્સનો માત્ર રીફિલ સ્ટેશનો તરીકે જ ઉપયોગ થવા દો, શરત એ કે સામજિક અંતર જાળવી શકાય. ગ્રાહકો અને કામદારોએ પોતાની પાણીની બૉટલો લઈને આવવું જોઈએ


સાઇટ પરની વધારાની સુવિધાઓ અને સેવાઓ ત્યારે જ ખૂલી શકે અને ઑપરેટ કરી શકે, જ્યારે તે સુવિધાઓ અથવા સેવાઓને અન્યથા કોમનવેલ્થના તબક્કાવાર રિઓપનિંગ પ્લાન હેઠળ ઑપરેટ કરવાની મંજૂરી મળી હોય અને ત્યારબાદ સુવિધા કે સેવાને લાગુ પડતા તમામ સૅક્ટરના સુરક્ષાના વિશિષ્ટ પ્રોટોકૉલ્સ કે જે રિઓપનિંગ પ્લાનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનું પાલન કરે તે અનિવાર્ય છે. ઉદાહરણોમાં આનો સમાવેશ થાય છે:

- રેસ્ટોરાં: રેસ્ટોરાંના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- બાર: તબક્કો 4 ન આવે ત્યાં સુધી બંધ રહેશે
- પૂલ: આઉટડોર પૂલ્સ EEAના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરે તે જરૂરી છે; ઇન્ડોર પૂલ્સ હેલ્થ ક્લબ અને ફિટનેસ સેન્ટરના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરે તે જરૂરી છે
- જીમ/લૉકર રૂમો: હેલ્થ ક્લબ અને ફિટનેસ સેન્ટરના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરે તે જરૂરી છે
- સ્પા: જે તે સૅક્ટર માટેનાં વિશિષ્ટ ધોરણોનું પાલન કરે તે અનિવાર્ય છે (દા.ત. મસાજ પાર્લર ક્લોઝ કૉન્ટેક્ટ બિઝનેસનાં ધોરણોનું પાલન કરે તે જરૂરી છે, સોના અથવા સ્ટીમ રૂમો તબક્કો 4 ન આવે ત્યાં સુધી બંધ રહે તે અનિવાર્ય છે)
- પ્રો શૉપ્સ: રિટેઇલ માટેના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- ખાનગી પ્રસંગો: ઇન્ડોર અને આઉટડોર પ્રસંગ માટે નવીનતમ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે

ગૉલ્ફ સુવિધાઓ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો



### સ્ટાફ અને કામગીરીઓ

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

વ્યાપારી સંસ્થાઓને CDC દ્વારા આપેલી વ્યાખ્યા પ્રમાણે ઊંચા જોખમ હેઠળની વસ્તી માટેના વિશિષ્ટ કલાકો કે અન્ય વસવાટ આપે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે

જ્યાં શક્ય હોય ત્યાં ઓવરલૅપ ઓછો કરવા માટે કર્મચારીઓની ગતિવિધિઓ અલગ-અલગ વર્ક ઝોન પૂરતી મર્યાદિત રાખો

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઈ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે કામદારોને ભારે આગ્રહ કરવામાં આવે છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઇ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો



### સફાઈ અને રોગાણુનાશન

રેસ્ટરૂમોમાં સામાન્યપણે સ્પર્શવામાં આવતી સપાટીઓ (દા.ત. ટૉઇલેટ સીટ્સ, ડોરનૉબ, સ્ટૉલ હૅન્ડલો, સિંક, પેપર ટુવાલ ડિસ્પેન્સર, સોપ ડિસ્પેન્સર)ને અવારનવાર અને CDCના નિર્દેશો અનુસાર સાફ કરો

સાઇટની અવારનવાર સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઈના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઈની નોંધવહીઓ રાખો

ભારે અવરજવરવાળા વિસ્તારો, બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓ (દા.ત. ડોરનૉબ, રેલિંગ્ઝ, કાઉન્ટર્સ) અને સહિયારા ઉપકરણો (દા.ત. બંકર રેક્સ, બૉલ વૉશર્સ) અને પ્રૅક્ટિસ ઉપકરણ (દા.ત. રેન્જ બૉલ્સ, બાસ્કેટ)ને અવારનવાર ડિસઇન્ફેક્ટ કરો

ગૉલ્ફની સુવિધા ખાતે COVID-19નો અનુમાનિત અથવા પૉઝિટિવ કેસ આવે એવી સ્થિતિમાં ક્લબહાઉસ, પ્રો શૉપ, અને અન્ય અંતરિયાળ કોમન વિસ્તારો હાલના CDCના નિર્દેશો અનુસાર કાર્યસ્થળની ઊંડી સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરવા માટે બંધ કરવાનાં રહેશે. આઉટડોર સુવિધાઓ ખાતે ઑપરેશન્સ ચાલુ રહી શકે છે, શરત એ કે બધી અંતરિયાળ જગ્યાઓને CDCના નિર્દેશો અનુસાર સાફ કરવામાં અને સૅનિટાઇઝ કરવામાં આવી રહી હોય તે દરમિયાન તે બંધ રહે

જ્યાં શક્ય હોય ત્યાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો

પ્રત્યેક ઉપયોગ બાદ ગૉલ્ફ કાર્ટ અને પુલ કાર્ટને ડિસઇન્ફેક્ટ કરો